અનુ.જનજાતિના ગ્રાન્ટ ઇન એઇડ પૂર્ણ વિકસીત આશ્રમશાળાઓમાં ૫માં શિક્ષકની જગ્યા મંજુર કરવા અંગે..

ગુજરાત સરકાર
આદિજાતિ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક : અમશ/૧૫૦૮/ન.બા.૧૦/ઘ
સચિવાલય, ગાંધીનગર
તારીખ : 19 APR 2008

વંચાણે લીધા :-

૧. આદિજાતિ વિકાસ વિભાગના ૩૧/૦૩/૦૧ ના ઠરાવ ક્રમાંકઃ અમશ/ ૧૪૯૯/ન.બા-૩૪-૩૫/ઘ
૨. કમિશનરશ્રી,આ.વિ.ના તાઃ૧૧/૧/૦૮ ના પત્ર ક્રમાંકઃ આવિ / આશા/ ૨૦૦૮/૧૧૧ થી ૧૧૨

ઠરાવ :-

આમુખ ક્રમાંકઃ(૧) માં જણાવેલ તાઃ૩૧/૦૩/૦૧ ના ઠરાવથી અનુ. જનજાતિના પૂર્ણ વિકસીત આશ્રમશાળાઓમાં ૫ માં શિક્ષકની જગ્યાને મંજૂરી આપવાની બાબતને સૈધ્ધાતિક સંમતિ આપવામાં આવી છે. અનુ. જનજાતિની ૫ ગ્રાન્ટ ઇન એઇડ પૂર્ણ વિકસીત આશ્રમશાળાઓમાં ૫ મદદનીશ શિક્ષકોની જગ્યાઓ મંજૂર કરવાની બાબત વિભાગની સક્રિય વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે ૫ (પાંચ) પૂર્ણ વિકસીત આશ્રમશાળાઓમાં (દરેકમાં એક મદદનીશ શિક્ષક લેખે ૫ મદદનીશ શિક્ષકોની રૂપિયા ૪૦૦૦-૬૦૦૦ના પગાર ધોરણ વાળી જગ્યાઓ) વિદ્યા- સહાયકના ધોરણે રૂ.૨૫૦૦/- માસિક ફીક્સ પગારની જગ્યાઓ મંજૂર કરવાની બાબતને આથી મંજૂરી આપવામાં આવે છે.

બોલીઓ અને શરતો નીચે મુજબ રહેશે.

૧ ફીક્સ પગાર થી ભરવાની થતી જગ્યાઓ ભરતી વખતે નાણાં વિભાગના:૧૬/૨/૦૬,તાઃ૧/૮/૦૬ના ક્રમાંકઃ ખરચ/૨૦૦૨/૫૭ ઝ.૧ ના ઠરાવોની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે
૨ સીધી ભરતીથી / બઢતીથી ભરવાની થતી જગ્યાઓ ભરતી નિયમોનુસાર સીધી ભરતીના / બઢતીના ફાળે આવતી હોવાની શરતે ભરવાની મંજુરી આપવામાં આવે છે.
૩ સીધી ભરતીથી નિમણુંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણુંક મળ્યા બાદ નાણાં વિભાગના તાઃ૧૮/૩/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃનપન/૨૦૦૩/જીઓઆઇ-૧૦-(પા.ફા)પી.ની જોગવાઇ પ્રમાણે રાજય સરકાર ધ્વારા તાઃ૧/૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે. તથા આ અંગેનો વખતો વખત બહાર પાડેલ અને ભવિષ્યમાં બહાર પડનાર હુકમો સીધી ભરતીથી નિમણુંક પામેલ ઉમેદવારોને લાગુ પડશે.
૪ આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે વિભાગે જોવાનું રહેશે બેકલોગની જગા ખાલી હોય તો તે પ્રથમ ભરવાની રહેશે
૫ આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન ભરતી નિયમો, નીતિ નિયમોની જોગવાઇ અને નિયત પધ્ધતિને અનુસરીને કરવાની રહેશે
૬ આ અંગેનો ખર્ચ નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં રહીને તાઃ૧/૪/૦૮ પછી જગ્યાઓ ભરાય ત્યારથી કરવાનો રહેશે
૭ કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવારે નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ / લાયકાત ધરાવતા હોવા જોઇએ.

૮ રાજય સરકાર ધ્વારા વખતો વખત નિયત થતા કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે
૯ આ જગ્યાઓ તા:૨૮/૨/૦૯ સુધી ચાલું રાખવાની મંજૂરી આપીએ

આ અંગેનો ખર્ચ "માંગણી ક્રમાંક:૯૬ મુખ્ય સદર :૨૨૨૫ અનુ. જાતિ ઓ આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ પેટા મુખ્ય સદર -૦૨-અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ ,ગૌણસદર - ૭૯૬- આદિજાતિ વિસ્તાર પેટા યોજના પેટા સદર ,બીસીકે-૧૭૯ , આશ્રમશાળાઓ વિગતવાર સદર -સહાયક અનુદાન -(ગ)અન્વયે " હેઠળ થયેલી જોગવાઈમાંથી મેળવવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલઉપર અગ્રસચિવશ્રી(ખર્ચ) નાંણા વિભાગની તા: ૩૧/૩/૦૮ની નોંધથી મળેલ સંમતિથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(જયોતિ કે. પટેલ)
નાયબ સચિવ
આદિજાતિ વિકાસ વિભાગ

પ્રતિ,
કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંઢા ભવન, સેકટર-૧૦-એ. ગાંધીનગર
નકલ રવાના:-
માન. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.રા.ક. મંત્રીશ્રી (આ.વિ) ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
માન.શિક્ષણ મંત્રીશ્રી ના અંગત સચિવશ્રી, ગાંધીનગર
સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
અગ્રસચિવશ્રી (ખર્ચ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
સર્વ નાયબ સચિવશ્રીઓ આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
સર્વે ઉપ સચિવશ્રીઓ, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
તકેદારી અધિકારીશ્રીઓ , આ.વિ
સર્વે આશ્રમશાળા અધિકારીશ્રીઓ,
નાણાસલાહકારશ્રી, આ.વિ.વિ. સચિવાલય, ગાંધીનગર.
નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ,
સિલેકટ ફાઇલ.

AMS-1508-NBA-10-GH-408-1